*This page is printed from: http://www.akilanews.com/Business_news/Pdf/13-01-2018/6698*

સવારે યા સાંજે અકિલા ન્યુઝ .કોમ

તા. ૧૩ જાન્યુઆરી ૨૦૧૮ વિક્રમ સંવત્ ૨૦૭૪ પોષ વદ - ૧૨ શનિવાર



News of Friday, 5th January 2018

# મરીમાં આયાત નિયંત્રણ બાદ ભાવમાં વધારોઃ તેજીના અંદાજે વેચવાલી ઘટી

## ઓછા ઉત્પાદનની ભીતિએ પણ બજારમાં તેજીની ધારણા



રાજકોટ તા. ૪ : મરીમાં આયાત નિયંત્રણ બાદ ભાવમાં વધારો થઇ રહ્યો છે અને આગામી દિવસોમાં નવી સીઝનમાં તેજી રહે તેવી ધારણાએ વેચવાલી અટકી હોવાનું મનાય છે કોચીના ટર્મિનલમાં મરીની ૧૫ ટન આવક હતી ભાવ સરેરાશ ૪૭૦ સુધી કવોટ થયા હતા કેન્દ્ર સરકાર દ્વારા મરીની આયાત પર પ્રતિ કીલો ૫૦૦નો લઘુતમ આયાત ભાવ નક્કી કરાયા છે આયાત નિયંત્રણ પહેલા મરિના ભાવ કિલોના ૩૮૦ હતા જે હાલમાં વધીને ૪૭૦ સુધી બોલાયા હતા આમ મરીના ભાવમાં આયાત નિયંત્રણ લાધા બાદ ભાવમાં ૯૦ રૂપિયા સુધીનો વધારો થયો છે.

બીજીતરફ મરીના વેપારીઓના માનવા મુજબ ચાલુ વર્ષે દેશમાં મરીનું ઉત્પાદન ઓછું થવાની ધારણા છે અને આયાત ઉપર નિયંત્રણથી બજારમાં સસ્તી આયાત થતી નથી આ સંજોગોમાં મરીમાં તેજીની શકયતા જોવાઇ રહી છે.

(9:22 am IST)